# માતૃભાષા

ભાષા સંસ્કૃતિનો પ્રાણ છે

આવો આપણે સાથે મળી માતૃભાષાને બિરદાવીએ

No. 51 - June 2009 **MATRUBHASHA** Language – Gujarati

(Australia's First and Only Gujarati magazine, First published : January 2001)

અંક નંબર ૫૧ - જૂન ૨૦૦૯ માનદ તંત્રી - પ્રવીણ વાઘાણી કિંમતઃ જેવો જેનો ભાષાપ્રેમ


## શું આપશો ? સજા કે પ્રેમ ?



માનસશાસ્ત્રીઓ કહે છે કે ગુન્હેગારને સજા કરવાથી તે સુધરતો નથી બલ્કે વધારે બગડવાની સંભાવના થઈ જાય છે. તેને વ્હાલથી સમજાવવામાં આવે અને પ્રેમભર્યા વાતાવરણમાં રાખવામાં આવે તો ગુન્હાહિત પ્રવૃત્તિને ભૂલી જાય અને એક ઉમદા નાગરિક બની શકે.

ઘણા માબાપો પોતાના બાળકોને નાની એવી ભૂલ માટે મોટી સજા કરી બેસે છે. બાળકને ક્યારેક તો સમજાતું પણ ન હોય કે તેને શા માટે સજા કરવામાં આવી ? કારણ ન તો તેની ભૂલ સમજાવવામાં આવે છે ન તો તે ભૂલભરેલા વર્તનને બદલે સાચું અને સારું વર્તન ક્યું હોય તે સમજાવવામાં આવે છે ! તેને જોઈતી વસ્તુ તેને કેમ અપાવી શકે તેમ નથી તે તેઓ તેને સમજાવી શકતા નથી અને બાળક જીદ કરે અને રડે એટલે એને માર પડે. એક તો બાળક પોતાને ગમતી વસ્તુ ન મળવાથી દુઃખી થઈને રડતું હોય અને ઉપરથી એને માર પડે ! પછી કયા બાળકના માનસપટ પર એવી છાપ પડે કે તેના માબાપ તેને પ્રેમ કરે છે ને તેને સુખી કરવા ઈચ્છે છે ? પણ વારંવાર આવું બને એટલે બાળક નાનીમોટી રોકટોક ને મારથી ટેવાઈ જાય છે. તેની સમજમાં એટલું જ બેસે છે કે તેના માબાપને આવી રોકટોક કરવાની ટેવ છે અને તેઓ મોટા છે એટલે તેમને મન થાય ત્યારે તેના પર હાથ ઉપાડી લેવાનો, તેને ઓરડામાં પૂરી દેવાનો કે તેને મનપસંદ વસ્તુ ન આપવાનો અને ક્યારેક તો તેને ખાવાનું ભોજન પણ ન આપવાનો તેમનો હક્ક બને છે ! પછી માબાપ ફરિયાદ કરે છે તેમનું બાળક એટલું નીભર બની ગયું છે કે એકે વાતમાં માનતું જ નથી અને તેને મારીમારીને તેમના હાથ દુખી આવે છે.

મને એક મિત્રએ તેના નાનપણનો કિસ્સો કહેલો એ એટલો તો દુઃખદ છે કે તે ભૂલવો મુશકેલ છે. તે ત્રણેક વર્ષનો હશે ત્યારે કોઈ વસ્તુ માટે તેણે કજિયો કર્યો. સંભવ છે તેના મોટા ભાઈ માટે લીધેલા કોઈ રમકડાથી તેને રમવું હતું. આમેય તેના માબાપને તેને અવારનવાર માર મારવાની ટેવ હતી. આ વખતે તેમણે ખીજાઈને એક અંધારી ઓરડીમાં પૂરી દીધો. પણ બારણું બંધ કરતી વખતે તે બહાર નીકળવા પ્રયત્ન કરતો હતો અને તેના આંગળાથી બારસાંખ પકડી રાખેલું. તેને ઓરડીમાં ધકકો મારીને બારણું બંધ કર્યું ત્યારે તેનો અંગુઠો બારણા અને બારસાખ વચ્ચે જકડાઈ ગયો. દબાતા અંગુઠાનું અસહ્ય દર્દ, અંધારાની બીક, એક નાનું બાળક કેટલુંક સહન કરી શકે ? તેણે ચીસાચીસ ને કાકલુદી કરી પણ તે તરફ કાંઈ ધ્યાન આપવામાં ન આવ્યું. અંગુઠામાંથી કેટલુંય લોહી વહી ગયું હશે. તે બેભાન થઈને બારસાખમાં દબાયેલા અંગુઠા સાથે લટકી રહ્યો. તેના રડવાનો અવાજ બંધ થયો એટલે માબાપને થયું કે તેની સાન ઠેકાણે આવી ગઈ હશે. તો પણ ત્યાર બાદ અર્ધા કલાક પછી દરવાજો ખોલ્યો અને બેભાન દીકરો ધડાક દઈને છો પર પટકાયો. હોસ્પિટલમાં ઘણી સારવાર કરી પણ તેના જમણા હાથનો અંગુઠો નકામો થઈ ગયો.

થોડા સમય પહેલાં સમાચાર વાંચેલા કે રાજકોટની એક યુવતિ માબાપના ત્રાસથી કંટાળીને નજીકના ગામના મહિલાશ્રમમાં રહેવા ચાલી ગયેલી. થોડા સમય પછી તેના માબાપ તેની માફી માગી તેને મનાવીને ઘેર લઈ જવા આવ્યા. પણ તે યુવતિ તેમના ત્રાસથી એટલી બધી કંટાળી ગયેલી હશે કે તેમની સાથે જવાને બદલે તેમની જ હાજરીમાં મકાનના ઉપલે માળેથી પડતું મૂકીને આપઘાત કર્યો.

ઓસ્ટ્રેલિયામાં હવે એવો કાયદો થયો છે કે જે માબાપો બાળકને અવારનવાર વધૂ પડતી સજા કરતા હોય છે તેમને માનસશાસ્ત્રી ચકાશે છે અને સુધારવાનો પ્રયત્ન કરે છે. તેઓ બાળકની સંભાળ લેવાને સક્ષમ ન બને ત્યાં સુધી બાળકની સલામતી માટે તેને માબાપથી અલગ કરીને યોગ્ય કુટુંબમાં રાખવામાં આવે છે.

સરકારની ફરજ બને છે કે તે સમાજને સુરક્ષિત રાખે અને તે માટે ગુન્હાહિત કાર્ય કરતા લોકોને અલગ પાડી તેમને તેના ગુન્હા માટે દંડ કરે. કેટલાક ગુન્હામાં ફક્ત આર્થિક નુકસાન થયું હોય તો તે ભરપાઈ કરી દેવાનો હુકમ આપવામાં આવે છે. જો પૈસા ભરપાઈ કરવાની તેની શક્તિ ન હોય તો અને જેમાં શારીરિક નુકસાન કરવામાં આવ્યું હોય તેમાં ગુન્હેગારના માનસને ધ્યાનમાં લઈને આવો ગુન્હો ફરીથી ન કરે તે માટે તેને સમાજથી અલગ રાખવામાં આવે છે અને તે માટે સળીયાવાળી જેલ સિવાય બીજો કોઈ વિકલ્પ હજી સુધી શોધાયો નથી.

એક ગુન્હેગાર બીજા અનેક ગુન્હેગાર સાથે જેલમાં રહે તો શું શીખે ? સળીયા પાછળ ધકાયેલો ગુન્હેગાર વધુ મોટો અપરાધી બનીને બહાર આવે છે. એ અગાઉ કરતાં પણ મોટા ગુન્હા આચરે છે. કોઈ વાર તો જેલમાં જ થોડા ગુન્હેગારો ભેગા મળીને કોઈ મોટો ગુન્હો કરવાનો કાર્યક્રમ ઘડી કાઢે છે. જેલમાંથી બહાર આવ્યા પછી તેમના કપાળ પર જાણે તેના ગુન્હાની મહોર લાગેલી હોય તેમ તે જ્યાં જાય ત્યાં સમાજ તરફથી તરછોડાય છે. પસ્તાવો કરી, ભૂતકાળને ભૂલી જઈ એક સારા અને ઈમાનદાર નાગરિક તરીકે જીવવાના તેના બધા પ્રયત્નો નિરર્થક જાય છે.

ઓસ્ટ્રેલિયા, અમેરિકા અને બીજા ઘણા અગ્રગણ્ય દેશોમાં કેદીઓ સાથે દુઃવ્યવહાર કરવામાં આવતો નથી. ઘણા લોકોએ સંજોગોને વશ થઈને ગુન્હો કર્યો હોય છે. અને તેમને પોતાને જ એ માટે ઘણો પસતાવો થતો હોય છે. તેમની માનસિક સમતુલના, આવડત ને વર્તનને ધ્યાનમાં લઈને તેમને જેલના કાર્યાલયમાં હળવું કામ આપવામાં આવે છે અને તેમના રૂમમાં ટીવી, એર કન્ડીશનર, કમ્પ્યુટર, વગેરે જેવી સવલતો પણ આપવામાં આવે છે.

૧૯૫૫ની આસપાસમાં 'દો આંખે બારા હાથ' નામની ફિલ્મ બનાવીને તે સમયના જાણીતા, માનીતા અને સમાજસુધારણા વિષે ઉચ્ચ વિચારસરણી ધરાવતા અભિનેતા-દિગ્દર્શક-નિર્માતા ગુરૂ દત્તે સમાજ અને સરકાર સમક્ષ એ વિચાર રજુ કર્યો હતો કે ગુન્હેગારોને ફક્ત જેલના સળીયા પાછળ બંધ કરી રાખવાને બદલે તેમને તેમની લાયકાત અને આવડતને અનુરૂપ કેળવણી જેલમાં જ આપવામાં આવે તો તે જેલમાં સજા પૂરી કરીને બહાર આવે ત્યારે એક ઉમદા નાગરિક તરીકે જીવી શકે અને સમાજ પણ તેના ગુન્હા માફ કરીને તેને સમાવી લે.

યુવાન પ્રકાશ શાહ આવા કેદીઓમાંનો એક છે. તે મીકેનીકલ એન્જિનિયર છે. જેલમાં રહીને જ તેણે અભ્યાસ કરેલો. તેની પાસે 'સેન્ટ્રો' કાર છે. તે આધુનિક ફર્નીચર અને સાધનસામગ્રીથી સુસજ્જ ઘરમાં પોતાના કુટુંબ સાથે રહે છે. અને એક કંપનીમાં સારા અને જવાબદારીવાળા હોદ્દા પર કામ કરે છે. તેની રહેણીકરણી પરથી તેને મળનારને ભાગ્યેજ ખ્યાલ આવે કે તે જે ઘરમાં રહે છે તે સરકારી 'ઓપન જેલ' છે અને તે એક ખૂનના તહોમતની સજા ભોગવી રહ્યો છે અને તેણે દર અઠવાડિયે પોલીસમાં હાજરી નોંધાવવી પડે છે. તે એક 'ઓપન જેલ'માં સજા ગાળી રહ્યો છે.

આવી 'ઓપન જેલ' હવે ભારતના ઘણા પ્રાંતોમાં છે. આવી જેલમાં રહેવાને લાયક બનવા માટે કેદીએ તેની સજાના પહેલા છ વર્ષ સાધારણ જેલમાં રહીને શિસ્તબદ્ધ અને આજ્ઞાંકિત રહીને અધિકારીઓને વિશ્વાસપાત્ર બનવું પડે છે. આવા કેદીને ભણવું હોય તો તેને કોલેજમાં જવા દેવામાં આવે છે, તેને કોઈ ઉદ્યમ કે હુન્નર શીખવો હોય તો તે પણ શીખવાની સગવડ આપવામાં આવે છે.

આવી ઓપન જેલમાંથી બહાર આવેલા ગુન્હેગારો સમજમાં એ રીતે ભળી જાય છે જાણે તેમણે કદી કોઈ ગુન્હો કર્યો જ ન હોય એટલું જ નહી પણ તેમાંના કેટલાક આદર્શ નાગરિક અને સમાજસેવક પણ બને છે.

માબાપ હોય કે સરકાર હોય પણ ભૂલો કે ગુન્હા માટે આકરી સજા કરવા ને બદલે પ્રેમભર્યો વર્તાવ કરવામાં આવે તો ઘણો સુધારો થાય.

Publication: MATRUBHASHA
(Bimonthly)
Language : Gujarati (Indian)
પ્રકાશન ઃ **માતૃભાષા** (શુદ્ધ ગુજરાતીમાં લખાયેલું દ્વીમાસી સામયિક)
માનદ તંત્રી અને પ્રકાશક ઃ પ્રવીણ વાઘાણી
Correspondence and articles to:
The Honorary Editor
(Pravin Vaghani)
4 Fiona crt, Glen Waverley
Vic 3150 (Australia)
Email: pvaghani@hotmail.com
ઈન્ટવનેટ પર પ્રસિદ્ધ થયેલ કૃતિ મોકલશો નહિ. છપાયેલી કૃતિ માટે કંઈ પુરસ્કાર અપાશે નહી.
Disclaimer: Views expressed in the articles are of the contributors, writers, only. No responsibility is accepted by the honorary editor.

**No Subscriptions:**
MATRUBHASHA can now be viewed on Shri Ratilal Chandaria's Gujarati dictionary website www.gujaratilexicon.com and also www.gav.org.au

Printed edition will be continued to be sent to those who have already subscribed. But after their subscription has expired, they are requested not to send any renewal, but view MATRUBHASHA on the abovementioned websites.

# ગું જ ન

## ⌘ નભમાં પુગે પથારી ⌘

**ઉજમશી પરમાર**

આરત એવી કેવી પળ પળ આંખો જતી નિતારી
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.
રામદુવારે રટણ ઊગતું
વધી ઝાડ થઈ જાતું,
છાંય તણું પાથરણું
પારાવારે જઈ પથરાતું.
કોણ કહે છે શરત સાંઈની હદ બ્હારી નહી સારી
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.
રણમાં ઝરણે ઝબોળાઈ
જાવાનું કદીએ ધાર્યું ?
અગન ધખે એની મહી પગલું
પગલું મનભર ઠાર્યું.
અરે, દેઈ લંબાવ્યા ભેળી નભમાં પુગે પથારી,
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.
સુવાંગ જાણે સાંજ સૂરની
મહી ઓગળી હાલ્યા,
સુધ રહી ના કોઈ સાધની
એવી ઝણથી ઝાલ્યા,
અચળ અવસ્થા કદીએ થઈ ના, નહી કદીય થનારી,
ઝાલર હારોહાર બજે રે સુરતા તણી સિતારી.
('પરબ'માંથી સાભાર)

> ચંદ્રવાટિકામાં,
> વ્યાકુળ વિરહિણી,
> ચંદ્ર હસે

## ⌘ દોસ્તીદમામ ⌘

**ભાનુપ્રસાદ પંડ્યા, ગુજરાત**

લેવા કશી ઘરની ચીજ ગયો, ત્વરાથી
ત્યાં હાટ હાટ ભમતો કરવાદી જોતો,
ઝોળી હતી હળવી, ભારવતી થઈ તે
ધીમે પડે ડગ, શ્રમિત હું વ્યસ્તચિત્ત !

એકાકી યંત્ર સરખો, ભળી ભીડ માંહી
ઘૂમે સૂની - નજર ઓથ મળે ક્યહીથી ?
'કાં કેમ છો ?' શબદ કે ત્રણ ઓસબિન્દુ ?
મસ્તીભર્યાં દગ - સમીપ સર્યો સુબન્ધુ !

સ્કન્ધે પડયો તરત હસ્ત, બીજો ધસીને
સાહી રહે દ્વિતીયને, ગૂંથી સ્નેહગાંઠે.
વાતો થઈ ? નહી ! વસંતની મંજરીથી
બ્હેકી બઝાર છલકાઈ સુગંધવંતી !

છૂટા પડયા, પગ પ્રફુલ્લ ઘરે વળે છે,
દોસતીદમામ હજી યે કર આમળે છે !

## ⌘ માણસ બનીએ ⌘

**સાંઈરામ દવે, ગુજરાત**

અંધારામાં ફાનસ બનીએ
યાર, આવને માણસ બનીએ !

આખી દુનિયા કટાઈ ગઈ છે
ચકમકતી એક કાનસ બનીએ !

સુખને ચાહે છે સૌ લોકો
ચાલને દુઃખના વારસ બનીએ !

ગંભીરતાનું નાટક છોડી
થોડુંક હસીએ, ફારસ બનીએ.

એકલ દોકલ જીવવું ખોટું
નીકળી પડીએ સરઘસ બનીએ !

લોઢા જેવા શ્રોતા છે સૌ
'સાંઈ' ચાલો પારસ બનીએ !

## ⌘ મને વ્હાલાં લાગે ⌘

**અનુપસિંહજી પરમાર, ગુજરાત51**

મને વ્હાલાં લાગે, હૃદય મહી ઊંડે વસી ગયાં
અહો, ક્ષેત્રો મારા, ઘરથી નીકળી ખેતર જવું,
શ્વસે મારી સામે, લળી લળી મને હેત કરતાં,
વધાવી લે જાણે હરખથી મને બાથ ભરતાં.

મજાનું છે મારું ઘર પણ, રૂડો ચોક પણ છે,
ખળી છે, વાડો છે, કલમ પણ ને પુષ્પ પણ છે
અને ગાડુ યે છે, બળદ પણ ને ગાય પણ છે.
નીહાળીને જેને ખસૂસ મુજ આંખડી ઠરે.

ને ગામે મારું લઘુક નમણું છે ઉર વસ્યું,
અને બંસી સૂરો શ્રવણ કરવા શાંત વગડે,
નદી છે, વૃક્ષો છે, કલકલ કરંતા ઝરણાં,
ન ઠંડી કે તાપે વહ્ત મધુરો વાયુ પણ છે.

અને એમાં થોડી કવિત કરવાની લઢણ છે,
પછી તો શું માગું કુદરત કને હું કંઈ વધુ ?

> ચાલું તડકે,
> પસીનો પારાવાર,
> સૂરજ હસે,

## તમારી જ રહેશે

**રમેશ પારેખ**

**(છ અક્ષરનું નામ)**

તમારા વગર એ કુંવારી જ રહેશે
તમારી કબર તો તમારી જ રહેશે.

તમે ઘર કે શેરી બદલશો પરંતુ
ભીતોની વફા એકધારી જ રહેશે

આ બારીથી થઈ ના શકાશે બગીચો
એ છેવટ સુધી માત્ર બારી જ રહેશે

ન ફળદ્રૂપ થઈ કદિ કોઈની પણ હથેળી
એ ખારી જમીન તો ખારી જ રહેશે

પગેરું હયાતીનું જોયું છે કોણે ?
કે એ તો ફરારી, ફરારી જ રહેશે

આ હું, આ પથારી ને આ પાસાંબાજી
'રમેશ' જૂનો જુગારી, જુગારી જ રહેશે.

## ⌘ પૂર્ણવિરામ જિંદગી ⌘

**વિનય કવિ 'બદનામ' યુકે**

કોઈ તો કહો મને કે છે શું કામ જિંદગી ?
છે અલ્પવિરામ કે છે પૂર્ણવિરામ જિંદગી?
માને કોઈ ખુશીઓનો સરંજામ જિંદગી
કોઈ સમજે છે મોતનો પૈગામ જિંદગી.
લડવું પડે છે શ્વાસોને પણ એકમેકથી
જીવવા તણો અવિરત સંગ્રામ જિંદગી.
ન રહેશો કદાપિ તમે એના ભરોસે,
દઈ જાય હાથતાળી એનું નામ જિંદગી.
હાલરડાં ગાઈ મીઠાં સુવાડે છે કોઈને,
ને કરે છે ઊંઘ કોઈની હરામ જિંદગી.
આ પણ ક્રૂર કેવો અભિશાપ શીર તારા?
નહી હો તું ત્યારે મળશે આરામ, જિંદગી.
ખૂબ જોઈ લીધી મેં ને ખૂબ માણી લીધી,
દઈ રહ્યો છું પાછી તને, રામ, જિંદગી.
ટાઢક મળે છે અંતે 'બદનામ'ને ચિતામાં,
ચાલી જા, તારું નથી અહી કામ, જિંદગી.

## ⌘ શું કરો ને શું નહિ ⌘

**નિખિલ જોશી**

સ્વપ્ન આવી ચડે તો શું કરો ને શું નહિ ?
આંખથી લોહી પડે તો શું કરો ને શું નહિ ?
છમ્મલીલો એક ટહુકો આ અજાણ્યા દેશમાં,
સામટો ભેટી પડે તો શું કરો ને શું નહિ ?
આમ તો વરસો સુધી છે રાહ જોવાની પ્રથા
કોઈ ઓચિંતુ મળે તો શું કરો ને શું નહિ ?
આંધળું આખ્ખું નગર, બહેરી બધ્ધી ગલી
આ કલમકાગળ વડે તો શું કરો ને શું નહિ?
સાત દરિયા જોતમે ખોળી વળો ને પછી
રાખમાં મોતી જડે તો શું કરો ને શું નહિ ?
પત્ર આખો તો લખો ને એક બાકી હો સહી
શાહી ત્યાં ખૂટી પડે તો શું કરો ને શું નહિ ?
એમ તો આભ લગ આંટો તમે મારી શકો,
પણ કદી ઉંબર નડે તો શું કરો ને શું નહિ?
લાખ રોકો ટેરવાંની પાંખને પણ એ જઈ
કોઈની લટને અડે તો શું કરો ને શું નહિ ?

> શેરબઝારનું શાણપણ,
> બની ગયું ગાંડપણ,
> સેન્સેક્સ હસે

## સીતા અને અગ્નિ પરીક્ષા

વિનય કવિ, યુકે

અશોકવાટિકામાં સદાની જેમ આજ પણ સતી વૃક્ષ નીચે બેઠાં છે. આંખો બંધ છે. હાથ જોડેલા છે, પ્રાર્થનામાં. રામ સેના સહિત લંકામાં આવી ગયા છે અને તુમુલ યુદ્ધ ચાલી રહ્યું છે તેની જાણ એમને થયેલી છે. સ્વામીના વિજય અર્થે તેમજ એમના સાથીઓના ક્ષેમમંગળ કાજે શિવનું ધ્યાન ધરી રહ્યા છે.



અચાનક જ ધ્યાન ભગ્ન કરતો રવ સાંભળી તેમણે નેત્ર ખોલ્યા તો હનુમંતને આવતા જોયા. સતીના હર્ષનો પાર ન રહ્યો. વીર હનુમાનનું આગમન દર્શાવે છે કે દુરાચારી રાવણનો નાશ થયો છે. મહાદેવને મનોમન કોટિકોટિ પ્રણામ કરતાં તે ઊભાં થયાં ત્યાં તો શ્રી હનુમાનજી એમની ચરણરજ લઈને કહે છે, "હે માતા, વધાઈ હો. રામનો વિજય થયો છે. તેઓ નગર બહાર પ્રતિક્ષા કરે છે. હું તમને તેડવા આવ્યો છું."

"ચિરંજીવી હો, વીરા" સીતાએ આશીર્વાદ દીધા. 'નાથ સ્વયં કાં ન આવ્યા ?' એવા હોઠે આવેલ પ્રશ્નને તેમણે મુખરિત ન કર્યો. દિયરજી લક્ષ્મણની અનુપસ્થિ પણ તેમને સાલી. આમ છતાં સ્વસ્થતાપૂર્વક એમણે અશોકવાટિકાને નયન ભરીને જોઈ લીધી. પરિચારિકાઓની અશ્રુભીની વિદાય લીધી.

નગરની બહાર આવતાં વાનરોની વિશાળ સેના દૂરથી દ્દષ્ટિગોચર થઈ. સમીપ જતાં એક ભવ્ય રથ પર પ્રાણનાથની મૂરત જોઈ. સીતાને સ્મરણ થઈ આવ્યું કે સ્વયંવર પ્રસંગે શિવધનુષનો ટંકાર કરતી કાયા પણ આવી જ મોહક અને પૌરુષપ્રકાશિત હતી.

રથ પરથી ઊતરીને શ્રી રામ આગળ આવ્યા. ક્યાંય સુધી ચાર નેત્રો પરસ્પર નિહાળી રહ્યા. કંઈ કેટલોય વાર્તાલાપ કરી લીધો. બંને ભેટ્યાં એ સ્નેહસિક્ત દ્રશ્યને નભથી દેવગણ પણ ગદગદ થઈ નિરખી રહ્યા. યુગપર્યંત રહી હોય તેવી એ સુખસમાધિનો ભંગ ત્યારે થયો જ્યારે લક્ષ્મણે ભાભીના ચરણ સ્પર્શ્યા. સીતાએ વત્સસમ દિયરને અનેક આશિષ દીધી. પશ્ચાત્ વાનરો મોવડીઓએ પણ એક પછી એક આવી માતાજીનું અભિવાદન કર્યું.

હવે સીતાજી રથ પ્રતિ ગતિ કરે છે. રથ પાસે આવી એક ચરણ ઉંચકાય છે ત્યાં. . .

"સીતે, પ્રથમ અત્રે પધારો" છેક પાતાળથી જાણે આવતો હોય તેવો રામનો સ્વર સંભળાય છે.

સીતા પાછા ફરે છે. રામ એમને દોરી જાય છે પ્રજ્જ્વલિત અગ્નિ પાસે. સીતાના દ્દષ્ટિક્ષેપમાં છે એક પ્રશ્ન !

રામનો ઉત્તર છે, "આજ સુધી તમે પર પુરુષના આશ્રયમાં હતાં. તમારા ચારિત્ર્યની પવિત્રતા પ્રતિપાદિત કરવા આ અગ્નિમાંથી પસાર થવાનું છે."

સીતા સ્તબ્ધ થાય છે. વાનરસેના દિગમૂઢ બને છે. લક્ષ્મણના વદન પર ક્ષોભ, શોક, કોપની રેખાઓ સ્પષ્ટ વર્તાય છે. ધરતી ફાટતી કાં નથી ? ગગન કાં તૂટી પડતું નથી ?

વજ્રઘાતની વસમી પ્રાથમિક કળ વળતાં સીતા બોલ્યા, "શું કહો છો તમે, આર્યપુત્ર ? મારો પતિ પત્નીની પવિત્રતા વિષે શંકાશીલ છે ?"

રામના સ્વરમાં આત્મસંતાપ છે. શબ્દો મહાપરાણે ગળામાંથી બહાર આવી રહ્યા છે. "અયોધ્યાની પ્રજા તમને મહારાણી રૂપે સ્વીકારે તે પૂર્વે આવશ્યક છે કે તમારા પાવિત્ર્ય સંબંધે સ્પષ્ટતા થઈ જાય."

"મારો રામ મને અગ્નિપ્રવેશ કરવા કહી રહ્યો છે ?" સીતાને પોતાના કર્ણો પર વિશ્વાસ નથી આવતો.

"જ્ઞાત છે તમને કે તમારા વિષે આ હ્રદય કદાપિ શંકિત ન થઈ શકે. કિંતુ હું માત્ર તમારો પતિ નથી, એક રાજા પણ છું અને એથી પ્રજા પ્રત્યે મારું ઉત્તરદાયિત્વ રહે છે એ જોવાનું કે અયોધ્યાની મહારાણીના ચારિત્ર્યમાં કોઈ મલીનતા ન હોય."

સીતાએ શીશ ઉન્નત કર્યું. રામની દ્દષ્ટિથી દ્દષ્ટિ મેળવી કહ્યું, "એનો અર્થ એમ થયો કે હું અયોધ્યાપતિની સન્મુખ ઊભી છું. હું માનતી હતી કે મને લેવા મારો પતિ આવ્યો છે, સ્વયંવર સમયે જેની ગ્રીવામાં વરમાળા આરોપી હતી એ મારો રામ મને તેડવા આવ્યો છે, જેની સાથે વન-ઉપવનમાં ભટકવા મેં રાજસુખ ત્યાગ્યું હતું એ મારો સખા-સાથી રામ સત્કારવા આવ્યો છે ! કેવી ભ્રમણા ! કેવી આત્મવંચના !"

રામ નતમસ્તક છે. લક્ષ્મણ અને હનુમાનના મુખ પર અશ્રુપ્રવાહ અસ્ખલિત વહી રહ્યો છે. વ્યાકુળ છે નરવાનર, સ્થંભિત છે પશુપંખી, સ્થિર થઈ ગયો છે પવન.

સજળ બનતાં નયનોને સીતાએ સમજાવી લીધાં, ભગ્ન ઉરને મનાવી લીધું, અને ધીર ગંભીર વાણીએ કહ્યું, "હે રઘુનંદન, તમે પતિ રૂપે આજ્ઞા કરી હોત તો આ તમારી ભાર્યા એક પળ પણ વિચાર કરવા ન થોભત. પિતાતુલ્ય અગ્નિદેવના અંકમાં નિ:સંકોચ કૂદી પડત. પરંતુ આ તો એક નૃપ આદેશ દઈ રહ્યો છે. પાલન કરવું ના કરવું તે મારા પર નિર્ભર છે. સિધાવો રાજન, તમારો પથ સુખદ હો. જ્યારે સીતાના રામ બની શકો ત્યારે આવજો. હું તમારી પ્રતિક્ષા કરીશ"

સીતાએ અગ્નિકુંડથી બે ડગ પાછા ભર્યાં. વિભીષણે તત્કાળ પાસે આવી, હાથ જોડી કહ્યું, "માતા, લંકાનગરી તમારા સ્વાગત માટે ઉત્સુક છે. તમારાં પુનિત પગલાંથી પુન: એને પાવન કરો."

પાછળ એક દ્દષ્ટિક્ષેપ પણ કર્યા વિના સીતાએ નગર પ્રતિ પ્રયાણ કર્યું. વિભીષણ પાછળ ચાલ્યા. અગ્નિની જ્વાળઓ ઉગ્રતર બની. એની તુલનામાં આથમતો સૂર્ય અતિ નિસ્તેજ લાગ્યો.

⌘ ⌘ ⌘ ⌘

## એક પ્રેરણાત્મક જીવન

માણસને જીવનમાં ઘણું કરવાનું મન થતું હોય છે. હું આ બનીશ, હું આ બનાવીશ, હું કલાકાર થઈશ, હું સમાજસેવક થઈશ, આવા અનેક વિચારો, સવપ્નો અને કલ્પનાઓ માણસના મગજમાં આવ્યા જ કરતા હોય છે. પણ ફક્ત વિચારો ને કલ્પના કરીને બેસી રહેવાને બદલે જો માણસ કોઈ કાર્યને અમલમાં મૂકવાનો નિર્ધાર કરે અને તેની પાછળ દિલ દઈને જહેમત કરે તો તે જરૂર તેમાં સફળ થાય. પૂર્ણ નિષ્ઠાથી મહેનત કરનાર માણસના માર્ગમાંથી મુશ્કેલીઓ આપોઆપ દૂર થવા લાગે છે અને તેના કાર્યમાં તેને જોઈતી સહાય પણ મળવા લાગે છે.

ડો. આલબર્ટ સ્વાઈત્ઝર પ્રખ્યાત સર્જન હતા. આફ્રિકાના જંગલમાં વસતા લોકોની બિમારી વિષે જાણી તેમને તેમની સહાય કરવાની ઈચ્છા થઈ. વીસમી સદીની શરૂઆતમાં આ લોકોમાં ગરીબી અને અજ્ઞાનતા સાથે અંધશ્રદ્ધા પણ એટલીજ પ્રચલિત હતી. કોઈ પણ બિમારીના ઈલાજ માટે તેઓ ભૂવા કે જતિને જ શરણે જતા.

અમેરિકામાં થતી ધીકતી કમાણી અને જાહોજલાલી છોડી આફ્રિકાના જંગલમાં જઈ ત્યાંના ગરીબ, અભણ અને અંધશ્રદ્ધાથી પીડાતા લોકોની શુશ્રૂષા કરવાનો નિર્ણય કર્યો પછી અંધકારમય ગણાતા એ આફ્રિકાના જંગલમાં પહોંચી ગયા.

એરકન્ડિશન્ડ ઓરડા, સંપૂર્ણ સ્વચ્છ જગ્યા અને સ્વાસ્થ્યસભર વાતાવરણમાં કામ કરવાને ટેવાયેલા ડો. આલ્બર્ટને ગરમ ભેજવાળી આબોહવા, ધૂળિયું વાતાવરણ, અસ્વચ્છતા અને મચ્છરોના ત્રાસવાળી જંગલની આબોહવામાં ઠરી ઠામ થવામાં તકલીફ પડી. પણ એમણે ન તો આબોહવાને દોષ આપ્યો કે ન જીવલેણ માખીઓનો વાંક કાઢયો. બસ, એ તો પોતાના જીવનના ધ્યેય મુજબ કામ કરવા લાગ્યા. જેમને માટે કામ કરવું હતું, જેમની સેવા સુશ્રુષા કરવાના હતા એ લોકો પણ અભણ, અજ્ઞાન અને અંધશ્રદ્ધાથી ભરપૂર હતા. આ પહેલાં જે કોઈ ગોરા લોકો આવેલા તેઓ તેમની પાસે સખત મજૂરી કરાવતા અને અહીંથી કંઈક લઈ જવાના આશયથી જ આવેલા. એટલે આ ડોક્ટર કહેવાતો ગોરો માણસ તેમને કાંઈ મદદ કરે, કંઈક આપે, એ વાત તેઓ સહેલાઈથી માનવા તૈયાર નહોતા.

એ વખતે આફ્રિકનો ડોક્ટરની દવાથી પરિચિત નહોતા. નાનીમોટી તકલીફ થાય તો ભૂવા ધુણાવતા. ડો. આલ્બર્ટના આગમનથી ભૂવાનું વર્ચસ્વ ઘટવાની શક્યતા ઊભી થતાં ભૂવાઓ એમનો અપપ્રચાર કરવા લાગ્યા. પરંતુ ડો. આલ્બર્ટ તો કોઈને પણ દોષ દીધા વિના પોતાનું કામ કરતા રહ્યા.

સારા કામ અને સાચી નિષ્ઠાની સુગંધ વાતાવરણમાં પ્રસરવા લાગી. લોકોને એમના કામમાં શ્રદ્ધા જાગી. અગાઉ ભૂવાઓના હિપ્નોટિક સૂચનોથી દુઃખ ઓછું થતું પણ રોગ નાબૂદ થતો નહીં. એના બદલે ડો. આલ્બર્ટની સારવારથી લોકો ખરેખર નીરોગી થવા લાગ્યા.

- અનુસંધાન પાના ૭ પર

## એક સવાલ હું કરું ? — પ્રવીણ વાઘાણી

સવારમાં ચા પીતાં છાપું વાંચી રહ્યો હતો ત્યાં ડોરબેલનો અવાજ આવ્યો. ડોરબેલ વાગે એટલે સ્વાભાવિક રીતે જ દિવાલ પર એક ખીલી પર લટકી રહેલી ને પોતાના ઉપયોગી અસ્તિત્વની સતત જાણ કરવા માટે ટકટક કરતી ઘડિયાળ પર નજર જાય અને ડબામાં તૈયાર રાખેલા નાસ્તા જેવો પ્રશ્ન મનમાં ફડાક કરતો ઊભો થાય કે 'અત્યારે કોણ હશે ?' અલબત્ત સવાલનો જવાબ બારણાની પાછળ જ ઊભો છે ને પાંચ ડગલાં ચાલીને બારણું ખોલતાં જ એ મળી જાય તેમ હોય છે. તો પણ, માંકડા જેવું મન એ પાંચ ડગલાના સમયમાં પણ પાંચસો કૂદકા મારશે ને 'ફલાણા ભાઈ હશે કે ઢીકણી બહેન હશે' એવા તરંગોના તુક્કા રજૂ કર્યા કરે. જો કે વાસ્તવિકતામાં તો બારણું ખોલ્યા પછી ખબર પડે કે પેલા પાંચસો તુક્કામાંથી એક પણ સાચો ન હતો અને આગંતુક કોઈ અણધારી વ્યક્તિ જ હતી.

મનમાં ઉદ્‌ભવતા વિચારોને થોડીવાર સ્થગિત કરીને મેં બારણું ખોલ્યું. સામે ઊભેલા ભાઈ મારા નિયમિતના પરિચિત ન હતા તેમ સાવ અજાણ્યા પણ નહોતા લાગતા. ઊંડે ઊંડે એમ લાગતું હતું કે એમને ક્યાંક જોયા છે. ખાત્રી કરવા પૂછ્યું, 'કોનું કામ છે ?'

'મારે તમને જ મળવું છે. અંદર આવું ?' પેલા ભાઈએ હસીને જવાબ આપ્યો અને સાથે સવાલ પણ પૂછી લીધો.

'આવો' કહી હું રૂમમાં પાછો ફર્યો. તે પણ મારી પાછળ અંદર આવ્યા. મેં એક ખુરશી તરફ ઈશારો કરી કહ્યું, 'આવો,બેસો, કેમ છો ?'.

'બસ, ચાલ્યા કરે છે' બોલતાં તે ભાઈ ખુરશીમાં ગોઠવાયા.

હવે ચલ્યા કરે છે એટલે શું ચાલ્યા કરે છે તેની કલ્પના આપણે કરી લેવાની ? એનો અર્થ એ કરવાનો કે એમના શરીરના બધા અંગો રાબેતા મુજબ ચાલયા કરે છે કે પછી એમનો ઘરસંસાર જેમ ચાલે છે તેમ ચાલ્યા કરે છે ? અત્યારે જ્યારે નોકરિયાત વર્ગ નોકરી પર જતા હોય તે સમયે અહીં આવ્યા એટલે એમ પણ બને કે નોકરીના સમયમાં ગાપચી મારવાનું કે નોકરી પર સમય કરતાં મોડા જવાનું ચાલ્યા કરે છે ?

તે સાથે મારું મન મગજમાં ખાડા ખોદવા લાગ્યું. એમનો ચહેરો પરિચિત લાગે છે પણ નામ યાદ આવતું નથી. ક્યાં જોયા હોય કે ક્યાં મળ્યા હોય તે પણ યાદ આવતું ન હતું. ઘણીવાર કોઈ માણસ આપણને અવારનવાર રસ્તા પર દેખાતો હોય તો એનો ચહેરો પરિચિત થઈ જાય પણ એ માણસ સાથે આપણે કાંઈ ઓળખાણ ન હોય.

મનના કમ્પ્યુટરને 'સર્ચ કમાન્ડ' આપી આ માહિતી ખોળી કાઢવાનું કામ સોંપીને હું બીજા વિચારે ચડયો. આ ભાઈ તો મને ઓળખે છે. તેમને મારા નામ અને સરનામાની પણ ખબર છે એટલે તો અહીં પહોંચી ગયા છે. હવે એમનું નામ જાણવું કેવી રીતે ? નામ ભૂલી જવું એ મારી આદત કહો કે ખાસિયત કહો, પણ જાહેરમાં કે સમારંભોમાં હું તે સિફતથી બીજાથી છૂપાવી શકું. પણ આ રીતે સામનો કરવાનો હોય ત્યારે મારી મૂંઝવણનો પાર નથી રહેતો. 'નામમાં શું છે ?' એમ શેક્સપિયરે શા માટે કહ્યું એ મને કદિ સમજાયું નથી. એટલે મેં ઔપચારિક વાતથી શરૂઆત કરી,

'ઘણે વખતે મળ્યા આપણે.'

'હા, મારા બનેવીના કાકાની દીકરીના દિયર મિતેશના લગ્ન વખતે આપણે મળેલા.'

મિતેશ ! હવે જરાક બારી ખૂલી. મિતેશના પપ્પા અનંતરાય મારા મિત્ર થાય. પણ એટલાથી આ ભાઈનું નામ તરત યાદ આવે તેવો કોઈ પ્રસંગ ત્યારે બન્યો હોય તેવું મારા સંભારણામાં નહોતું. નહિતર કોઈવાર એવું બને કે મોટા સમારંભમાં પણ નાનો પ્રસંગ એવો બની જાય કે જ્યારે તેની સાથે સંકળાયેલી વ્યક્તિનું નામ અને ચહેરો આપણે કદી ન ભુલીએ. ઉદાહરણ ખાતર લગ્નના જમણમાં પિયુષ દાળ પીરસતો હતો તેની પાછળ જુવાન રાકેશ બધાના ભાણામાં મોહનથાળનો એક ટૂકડો મૂકતો હતો. એનું કામ દાળવાળા કરતાં ઝડપથી થાય એવું એટલે જે થાળીમાંના વાટકામાં દાળ પીરસાતી હતી તેમાં જ એ મોહનથાળ મૂકવા ગયો અને એમ કરતાં દાળવાળાને જરા ધક્કો લાગી ગયો. એટલે દાળનો ચમચો વાટકાને બદલે લીલાબહેનના ખોળામાં ઠલવાયો. એક તો ગરમ દાળ અને આ પ્રસંગ માટે જ ખરીદેલી ભારે કિંમતની ભરેલી રેશમી સાડી બગડી. લીલાબહેન ચીસ પાડી ઊઠયા. તેમની બાજુમાં બેઠેલા તેમના વૃદ્ધ સાસુને હજુ જૂના જમાનાની ને આવા પ્રસંગે વપરાતી ભાષાનું સારું જ્ઞાન હશે એટલે તેમણે 'મારા રો. . .' થી તેની વર્ષા શરૂ કરી દીધી. ત્યાર પછીથી આ બંને કોઈ પણ સમારંભમાં 'પિયુષ દાળવાળો' અને 'રાકેશ મીઠાઈવાળો' સહેલાઈથી ઓળખાઈ જતા.

પેલા ભાઈ બેત્રણ મિનિટ સુધી અસ્વસ્થપણે ખુરશીમાં ડાબેથી જમણે અને જમણેથી ડાબે શરીરનું વજન ફેરવતા રહ્યા અને તે દરમિયાન હું ઉપર ફરતા પંખાના પાંખિયાને તાકી રહ્યો. જો કે મને તો છાપામાં હું જે સમાચાર વાંચતો હતો તે આગળ વાંચવાની તાલાવેલી હતી પણ તેમ કરવામાં અસભ્ય દેખાવાનો સંભવ હતો. પછી તેમને લાગ્યું કે તેમણે કાંઈક બોલવું જોઈએ એટલે બોલ્યા, 'આ બાજુ નીકળ્યો હતો એટલે થયું તમને મળતો જાઉં.'

'સારું કર્યું. આમેય આજના ધમાલિયા(પ્રવૃત્તિશીલ) જીવનમાં કોઈને કામ વગર મળવા જવાનું ક્યાં બને છે ?'

'સાચી વાત છે.' બોલી એ ભાઈ ફરી લાંબી મૌન અવસ્થામાં ગરકાવ થઈ ગયા.

થોડીવાર પછી જાણે એકાએક કાંઈક સાંભર્યું હોય તેમ ખુરશીમા ટટ્ટાર થઈ ગયા અને બોલ્યા, 'તમને એક સવાલ પૂછું ?'

જીવનમાં જો સૌથી અઘરો સવાલ મને લાગ્યો હોય તો તે આ સવાલ છે, 'તમને એક સવાલ પૂછું ?" આ સવાલ મને પૂછવામાં આવે તો હું એકદમ સતેજ થઈ જાઉં છું. જવાબ બહુ વિચાર કરીને આપવો પડે. સીધી 'ના' પાડી દેવી સહેલી છે, વાત ત્યાંથી જ પતી જાય. અને આ અજાણ્યા, અણગમતા લાગતા, ભાઈને પણ સહેલાઈથી વળાવી દેવાય. પણ એ જાય પછી મન ચકરાવે ચડી જાય, ન કરવાના વિચારો કરે ! શું સવાલ હતો ? કાંઈ જરૂરી હતું ? મારી મદદની જરૂર હતી ? મેં આંગણે આવેલા આશાભર્યા માણસને આ રીતે હડધૂત કરીને કાઢી મૂકી મોટું પાપ તો નથી કર્યું ને ? એમનું કોઈ અગત્યનું કામ હવે અટકી પડશે. તેમને ક્યાંયથી મદદ નહિ મળી હોય ત્યારે જ છેલ્લા ઉપાય તરીકે મારા જેવા નજીવી ઓળખાણવાળા માણસ પાસે આવ્યા હશે ને ? હવે તદ્દન હતાશ થઈને ક્યાંક આપઘાત કરી બેસશે તો ? મારે માથે માનવ હત્યાનું પાપ આવી પડશે જેનું નિવારણ અસંભવ છે અને જેને કારણે મારી પાછલી જિંદગીમાં મારે ઘણું વેઠવું પડશે ! આવી શંકાકુશંકાઓથી હું ધ્રુજી ઉઠયો.

બીજી તરફ 'હા, પૂછો,' એમ કહેવામાં હું મારે માથે બહુ મોટી જવાબદારી લઈ રહ્યો હતો. સવાલનો જવાબ આપવાને હું બંધાઈ જતો હતો. જો હું સવાલનો જવાબ આપી ન શકું તો તેમની નજરમાં નીચો ઉતરી જાઉં, તેમનું મારા પ્રત્યેનું માન ઘટી જાય. અને જો સવાલ મારી કોઈ અંગત બાબત વિષે હોય જે જાણીને તેનો દુરુપયોગ કરી મને હેરાન કરી મૂકે તો ?

સંકટ સમયે ખેંચવાની સાંકળ જેવો, કમ્પ્યુટરમાં જેમ છેલ્લા ખાનામાં 'હેલ્પ'નું બટન હોય છે તેમ મેં ગાંધીજીને યાદ કર્યા અને તેમના સિદ્ધાંતનો ઉપયોગ કર્યો

'તમે માનો છો કે તમારા સવાલનો જવાબ મારી પાસેથી મળશે ?'

પેલા ભાઈ ચમક્યા. મારા પ્રતિ-સવાલ માટે તેઓ કદાચ તૈયાર ન હતા. ગેંગેંફેંફેં થતાં એટલું જ બોલી શક્યા, 'ખબર નથી.'

હવે મારામાં જરા હિંમત આવી મને લાગ્યું કે પ્રતિસ્પર્ધી પરના પહેલા પ્રહારમાં મારો વિજય થયો છે. મેં બીજો પ્રશ્ન કર્યો, 'તમારા સવાલનો જે કાંઈ જવાબ આપું તેનાથી તમને કે મને ફાયદો થાય તેમ છે ?'

ફરી એ ભાઈ મૂંઝાયા ને હાથના આંગળા આડાઅવળાં કરતાં હળવેથી બોલ્યા, 'મારા કે તમારા ફાયદા કે ગેરફાયદાનો વિચાર તો મેં જરા પણ નથી કર્યો !'

મેં દબાણ ચાલુ રાખ્યું, 'તો આડોશીપાડોશી કે ગામમાં બીજા કોઈને ફાયદો થાય તેમ છે ?'

એ ભાઈ હવે ખરેખર ગભરાયેલા જેવા લાગ્યા, 'અરે પણ આમાં બીજા કોઈને વચ્ચે લાવવાની જરૂર જ નથી.'

હવે હું એક વધુ ઘાતકી પ્રહાર કરવાને હિંમતવાન બન્યો, 'જુઓ, જેમાં તમને, મને કે કોઈને ફાયદો થાય તેમ ન હોય તેવા સવાલ પૂછવામાં અને તેનો જવાબ મારી પાસે મેળવવામાં સમય વ્યસ્ત કરવો એ ઈશ્વરે આપેલ આ અમૂલ્ય જીવન વ્યર્થમાં વેડફી નાખવાનું પાપ કરવા સમાન ગણાય.' મારામાં સુસુપ્ત રહેલો 'ઉપદેશમહારાજ' પણ અમારો વાર્તાલાપ સાંભળીને જાગી ગયો હતો.

પેલા ભાઈ ગભરાઈને તરત જ ઊભા થઈ ગયા અને બારણા તરફ જવા લાગ્યા. બારણા પાસે રોકાઈને તેમણે મારી મંજૂરી વગર એક સવાલ પૂછી જ નાખ્યો, 'તમારું નામ કૌશિકભાઈ છે ?'

'ના'.

⌘ ⌘ ⌘



## મધર્સ ડે

જયંતિ એમ. દલાલ, મુંબઈ

તાજેતરમાં નિવૃત્તિ લેનાર પ્રિયવદનની ઊંઘ આજે ઊડી ગઈ. સાંજે વ્હાલી મા સુજાતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યા પછી એનો જીવ બેચેન હતો. આજે પત્ની વિશાખાને બેડરૂમમાં એકલી મૂકીને એ બહાર દીવાનખાનામાં આવી ગયો. આંખોમાંથી ક્યારેક આંસુઓનો ધોધ વહેતો તો ક્યારેક આંસુઓ ગાલો સાથે ચીપકીને રહી જતા. સોફામાં આડા પડીને ઊંઘવા વ્યર્થ પ્રયત્ન કર્યો પણ ઊંઘ આવતી નહોતી.

મા સાથે વિતાવેલા છ દાયકાની સફરનાં દશ્યો એની આંખો સામે દશ્યમાન થયાં.

પ્રિયવદન પાંચ વર્ષનો હતો ત્યારે જ તેના બાપુજીનો અચાનક સ્વર્ગવાસ થયો. બાપુજીની નોકરીમાંથી માંડ ઘરનો નીભાવખર્ચ નીકળતો. પણ હવે એ આવક પણ બંધ થઈ ગઈ. સુજાતાને માથે જાણે આભ તૂટી પડ્યું. પેટે પાટા બાંધીને પ્રિયવદનને મોટો કર્યો. અન્યનાં ઘરોમાં વાસણપોતાં કરતી તો અમુક ઘરોમાં રસોઈ કરવા જતી. પ્રિયવદન જોતો ક્યારેક મા ભૂખી રહીને પણ એને ખવરાવતી અને શાળામાં ભણવા મોકલતી.

સોળ વર્ષના પ્રિયવદને એકવાર માંદી પડેલી માને ઉદ્દેશીને કહ્યું, 'મા, હું હવે કોલેજમાં ભણવા નથી જવાનો.'

'પણ દીકરા, એસ.એસ.સી.માં સારા માર્ક્સે પાસ થયો છે. તારે આગળ ભણવું જોઈએ.'

'આટલા વર્ષો તેં મહેનત મજૂરી કરીને મારો ઉછેર કર્યો. હવે તારી તબિયત પણ સારી રહેતી નથી. હવે હું નોકરી કરીને પેસા કમાવી લાવીશ અને તું આરામ કરીશ.'

આમ પ્રિયવદન ભણવાનું છોડી દઈને નોકરીમાં લાગી ગયો. થોડા વર્ષોમાં એની મહેનત લેખે લાગી. એની નીતિ, પ્રમાણિકતા ને વફાદારી જોઈ શેઠે એનો પગાર બમણો કરી આપ્યો. એકવાર સુજાતાએ પ્રિયવદનને કહ્યું, 'તારી મહેનતથી આજે આપણે સુખી છીએ. ઈશ્વરે આપણને બધું જ સુખ આપ્યું છે. તું હવે ત્રીસ વર્ષનો થયો. હવે તું જલદીથી લગ્ન કરી લે.

'મા, મેં તને ઘણીવાર સમજાવ્યું છે કે હું ક્યારેય લગ્ન નથી કરવાનો. મને ખબર નથી કે પત્ની આવીને આપણને સુખી કરશે કે નહીં.'

'દીકરા, હું કાલે નહીં હોઉં ત્યારે તારી સંભાળ કોણ લેશે ?' માટે કહું છું તું લગ્ન કરી લે.'

માનો ખૂબ આગ્રહ થવાથી આખરે પ્રિયવદને વિશાખા સાથે લગન કરી લીધા. લગ્ન વેળાએ તેણે વિશાખાને ચોખ્ખું કહેલું, 'લગ્ન પછી તું મારી માને દિલથી સાચવવાની હો તો જ મારી સાથે લગ્ન કરજે.'

વિશાખાએ ત્યારે સંમતિસૂચક ડોકું હલાવ્યું હતું.

સમય સરતો ગયો. શરૂઆતના પાંચેક વર્ષ સાસુવહુના સરસ ગયા. પણ પછી મા વારંવાર ગંભીર બીમાર પડતાં વિશાખા કંટાળવા લાગી અને એનો સ્વભાવ બદલાવા લાગ્યો.

એકાદ વર્ષ પહેલાં પ્રિયવદને સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી. છેલ્લા એક વર્ષ દરમિયાન વિશાખા ઘરમાં એટલો બધો કલેશકંકાશ કરતી રહી કે પ્રિયવદનને નાછૂટકે માને વૃદ્ધાશ્રમમાં મૂકવી પડી.

વહેલી સવારે આંખો ખૂલી ત્યારે પ્રિયવદન ઉશ્કેરાટમાં હતો. સવારનું પેપર વાંચતા એને ખ્યાલ આવ્યો કે આજે મે મહિનાનો બીજો રવિવાર વિશ્વભરમાં 'મધર્સ ડે' તરીકે ઉજવાતો હતો.

સવારના દસ વાગ્યે એક નાની સૂટકેસ તૈયાર કરીને પ્રિયવદન વૃદ્ધાશ્રમમાં પહોંચી ગયો. સુજાતા ગમગીન અવસ્થામાં બાંકડા પર બેઠેલી હતી. દીકરાને જોતાં જ એ હર્ષમાં આવી ગઈ.

'મા, પત્ની વિશાખા અને ઘર છોડીને હું આજે 'મધર્સ ડે'ના દિવસે તારી સાથે રહેવા આવી ગયો છું.'

સુજાતાની આંખો આંસુથી છલકાઈ ઉઠી. એનો મુરઝાયેલો ચહેરો ખીલી ઊઠયો ને વહાલથી દીકરાને ભેટી પડી.

⌘ ⌘ ⌘ ⌘

## સાભાર સ્વીકાર

## શૂન્યાવકાશમાં પડઘા

લેખકઃ શ્રી જયંતિલાલ એમ. દલાલ
અનુરાધા, ઈર્લાબ્રિજ, અંધેરી, મુંબઈ.
jayantimdalal@rediffmail.com

English translation:

**Spatial Echoes**

published by Cyberwit.net

એચ. જી. વેલ્સે 'વોર ઓફ ધ વર્લ્ડસ' નવલકથા લખીને દુનિયાને એ વાતથી જાગૃત કરી કે વિજ્ઞાનનો વિકાસ એટલી હદ સુધી થઈ શકે કે દૂરના ગ્રહમાં વસતિ જીવસૃષ્ટિ પૃથ્વી પર આક્રમણ કરી શકે અને બે વિશ્વ વચ્ચે યુદ્ધ થાય તો બહુ જ મોટી હોનારત સર્જાય. આ યુદ્ધ તો કાલ્પનિક રહ્યું પણ તેમની નવલકથાઓમાં વર્ણવાયેલા જેવા ઘણા સાધનો વૈજ્ઞાનિક સંશોધકોએ ત્યાર પછીના વર્ષોમાં બનાવી કાઢયા છે. આ પછી યુદ્ધની કથાવસ્તુવાળી અનેક નવલકથાઓ લખાઈ છે પણ યુદ્ધને અટકાવી શકે, તેનું નિવારણ લાવી શકે એવી વિચારસરણી ધરાવતી નવલકથા મળવી મુશકેલ છે.

વિશ્વમાં શાંતિના ચાહકો કરતાં શસ્ત્રોના ચાહકો વધારે છે અને હવે એટલા બધા વિનાશક શસ્ત્રો શોધાયા છે કે સાધારણ કોફી ગ્રાઈન્ડરની જેમ ઘરમાં પણ વસાવી શકાય છે.

તે સમયે કોઈ એવા વીરલા પાકે જેની કલ્પનામાં 'વોર ઓફ ધ વર્લ્ડસ' નહીં પણ 'પીસ ઓફ ધ વર્લ્ડ' - 'વિશ્વ શાંતિ' - હોય અને અંગુલીનિર્દેષ કરી શકે કે વિજ્ઞાન, વૈજ્ઞાનિકો, ધારે તો એવી શોધ કરી શકે કે તે આ મહાવિનાશક શસ્ત્રોને નાકામયાબ બનાવી શકે, અને તેનો ઉપયોગ કરી વિનાશ સર્જવાના બદ્દઈરાદાવાળા લોકોની મુરાદ પાર ના પડે.

અત્યારે જ્યારે અનેકદેશિય કંપનીઓ વ્યાપાર અને ઉદ્યોગોના માધ્યમ દ્વારા દેશ દેશ વચ્ચે મેત્રી અને પ્રેમભાવ વધારી રહ્યા છે ત્યારે મુઠ્ઠીભર ધર્માંધ લોકો ધર્મને નામે વિખવાદ ઊભો કરીને વિશ્વને વિનાશ તરફ ધકેલી રહ્યા છે.

ઈસ્લામના ધાર્મિક ગ્રંથ 'કુરાન'નો જે કોઈ અભ્યાસ કરે તેને એમ જ સમજાય કે ઈસ્લામ, બીજા બધા ધર્મોની જેમ જ એક શાંતિપ્રિય ધર્મ છે અને અરસપરસ પ્રેમભાવથી જીવવું એજ અલ્લાહનો પયગામ છે. પણ એવું લાગે છે કે ઈસ્લામ ધર્મના વડાઓએ પોતાના અંગત સ્વાર્થ માટે લોકોને બીજા બધા ધર્મો સાથે ઝઘડા કરવા જ પ્રેર્યા અને અંતે વિકરાળ આતંકવાદ સર્જાયો. એ કોઈ જોગાનુજોગ સંયોગ નથી કે મોટા ભાગના આતંકવાદીઓ ઈસ્લામના અનુયાયીઓ છે. અને હવે પાકિસ્તાને બનાવેલા અણુબોમ્બ આતંકવાદીઓના હાથમાં આવતાં વાર નહિ લાગે.

આવા માહોલમાં જયંતિભાઈએ એમની સર્જનશક્તિ કામે લગાડીને 'શૂન્યાવકાશમાં પડઘા' જેવી પ્રસંશનિય ચોટદાર નવલકથા સર્જી વિશ્વને, અને ખાસ તો ભારત અને પાકિસ્તાનના રાજકારણીઓને અંગૂલિનિર્દેષ કરીને એ વાતથી ચેતવ્યા છે કે અણુબોમ્બની આ હરિફાઈમાં ક્યારેક કોઈક અળવિતરો વૈજ્ઞાનિક કે એકાદ નારજ થયેલો લશ્કરી સિપાહી ખોટું બટન દબાવી બેસશે તો પૃથ્વીના પ્રલય જેવો વિનાશ થશે.

આના ઉપાય તરીકે જયંતિભાઈએ તેમની શાંતિપ્રિય વિચારસરણી આગળ વધારીને આજના વેજ્ઞાનિકોને ઢંઢોળ્યા છે અને તેમના દિલમાં રહેલી વિશ્વપ્રેમની ભાવનાને જગાડવાની કોશિશ કરી છે અને સંદેશો આપ્યો છે કે તમે ધારો તો એવી શોધ કરી શકો જેથી અણુબોમ્બ જેવા વિનાશક શસ્ત્રોને એક બટન દબાવીને ફોડવાને બદલે તેમને નિષ્ક્રિય કરી શકાય. અત્યારે જયારે એક સેન્ટીમિટરની દીશ પર એક ગીગાબાઈટ સંગ્રહી શકાય છે, માતાના ગર્ભમાં રહેલા બાળકનું હાર્ટ ઓપરેશન થઈ શકે છે અને હવામાંથી કમ્પ્યુટરમાં ઈન્ટરનેટ લાવી શકાય છે ત્યારે વેજ્ઞાનિકોને એટલી તો શ્રદ્ધા હોવી જોઈએ કે શ્રી જયંતિભાઈએ જેનો નિર્દેષ કર્યો છે તેવી અણુશસ્ત્રોને નાકામયાબ બનાવવાની શોધ પણ થઈ શકે.

આ ગણતરીએ આ નવલકથા 'શૂન્યાવકાશમાં પડઘા' અને તેનો અંગ્રેજી અનુવાદ 'Spatial Echoes' ભારત અને પાકિસ્તાનના દરેકેદરેક વૈજ્ઞાનિક અને દરેકેદરેક લશકરી અફસરે વાંચવી જોઈએ.

શ્રી જયંતિભાઈ એમ. દલાલને 'માતૃભાષા' તરફથી ખાસ અભિનંદન અને આવું જ પ્રભાવશાળી સાહિત્યસર્જન તેમની કલમે થયા કરે તેવી હાર્દિક શુભેચ્છા.

⌘ ⌘ ⌘ ⌘

## ગુ ડ લ ક

-પ્રવીણ પટેલ 'શશી' અમેરિકા



નામ ઈશાની, પણ મને બધા જ ઈશા કહેતા. વકીલ બની ત્યારથી તો વળી અમારી જમાતને મારું બે અક્ષરી નામ વધુ રાસ આવી ગયું હતું. કાળો કોટ પહેરી મોટી લેધરિયા ખુરશીમાં ગોઠવાવાનું મારું ખ્વાબ પૂર્ણ થયું હતું. ન્યાય મારો ધર્મ, અને પેશો બન્યો હતો.

કોર્ટરૂમ પ્રવેશદ્વાર ઉપરની તક્તિમાં કોતરાયેલું નામ વાંચ્યું, **જજ ઈશા જયસ્વાલ.** દિન-બ-દિનની આ ક્રિયા, મારો નિતનો મનગમતો દોર બની ચૂક્યો હતો, દીર્ઘ કારકિર્દીની મારી આ શાખ પણ હતી.

ત્રાજવાનું ચિહ્ન આંખમાં આવી બેઠું. અમેરિકન ધ્વજને ઉરમાં સમાવ્યો. ઈશ્વરને સ્મરી મેં મારી જાતને માયા મુક્ત કરી. આ ઓરડા પૂરતી હવે હું કોઈની પણ ન હતી. મારી સામે વાદી અને પ્રતિવાદી ખડા હતા.

વાદી શ્રી કમલકાન્ત જોશી અને પ્રતિવાદી શ્રીમતી પલ્લવી જોશી, પતિ-પત્ની હતાં, અને વિરુદ્ધપક્ષે અત્યારે એકબીજાંનાં પ્રતિસ્પર્ધી હતાં. સોગંદવિધી પતી ગઈ હતી. સત્ય, કેવળ સત્ય, બોલવાની બન્નેએ કસમ ખાધી.

'કમલકાન્તજી, તમારાથી શરૂઆત કરીએ. કોર્ટમાં તમારે કેમ આવવું પડ્યું ?'

'નામદાર, અરજીમાં મેં આ બતાવેલું જ છે. મારી પત્નીથી મારે છૂટાછેડા લેવા છે.'

'તમારી પણ એવી જ મરજી છે ને, પલ્લવીદેવી ?'

'હા, નામદાર.'

'કમલજી, તમારા સંસારજીવન અંગે મને જિજ્ઞાસા છે, જરા બતાવશો ?'

'બાળકલાકાર તરીકે હું વિખ્યાત હતો. પૈસાની મારે કોઈ કમી ન હતી. મારો પડ્યો બોલ ઝીલાવો જ જોઈએ. 'ના' હું સાંખી શકતો નહીં. મારામાં જેને રસ, એ મારી જોડે. જે સાથે નહીં, એ મારે કામનાં પણ નહીં. કંચન, કસુંબી અને કામિની, મારી નબળાઈ હતી.'

'નબળો ધણી બૈરી પર શૂરો.' પલ્લવીએ અંદર ઝુકાવ્યું.

'હમણાં નહીં, તમારો વારો આવે ત્યારે. કમલજી, તમે આગળ ચલાવો.'

'જોયું ને, તમે ? કૈંચીની જેવી એની લૂલી ક્યારેય થંભતી જ નથી ! એનાં મહેણાંટોણાંથી હવે હું વાઝ આવી ગયો છું.'

'પલ્લવી, તમે તમારા પતિ સાથે સહમત થાઓ છો ?'

'મારા મતને સ્થાન જ ક્યાં છે કે હું સહમત થાઉં ? એમનો અક્ષર તે બ્રહ્મ સત્ય, એમનો જ કક્કો ખરો ! એમને મન હું રૂપકડું રમકડું છું અને ખરેખર તો એમને એ રમતાં પણ આવડતું નથી !'

'આ સંદતર જૂઠ છે. ખુશ થવાનું એ શીખી જ નથી, મને આનું દુઃખ છે. મારો બોલ એ ઉથાપે છે એ થકી મને એવો ગુસ્સો ચડે છે કે ના પૂછો વાત !'

'નામદાર, વાતની વાત મારે તમને કહેવી જ રહી. અમે ક્લબમાં મળેલા. એ આધેડના અને હું એમનાંથી અડધી ! મારા રૂપે એ મોહી પડ્યા, પણ હું તો એમનાં નામને જ વરી હતી. મને એમ હતું કે ઉંમર બમણી છે તો શું ?, પણ મને હથેળીમાં તો રાખશે જ ને ! સાલી હથેળી જ ખાલી, પાસમાં પૈસો જ નહીં ! પાછી, સેજ પણ ગરમ ના કરે ! કંઈ કહું તો, ગલ્લાંતલ્લાં અને બહાનાંજી ! માંગમાં મારે સિંદૂર ભરવાનું, અને મારી માંગ તો પૂરી પણ ના થાય ! રોજની આ રામાયણ, કંઈ કહું તો બહાર જતા રહે, રાત્રે પાછા પણ ના ફરે ! મને તો વહેમ છે કે બહાર એમને બીજા આડ સબંધો છે.'

'કમલકાન્તજી, તમારાં પત્ની કહે છે તે સાચું છે ?'

'જી નામદાર, પણ એ અર્ધસત્ય છે. જૂઠા મિત્રોએ મને ખોટા રવાડે ચઢાવેલો. કેન્સર પાર નીકર્યો ત્યારે પૈસા પગ કરી ગયા હતા. ઘણાં બિલો ભરવાનાં, અને ઉઘરાણીનો પાર નહીં ! મને મારી નિષ્ફળતા ઉપર જબરો ગુસ્સો ચઢતો.'

'..અને એ ગુસ્સો તમે મારા પર ઉતારતા. પૂછપરછ કરું તો એ હાથ પણ ઉપાડતા. જજ સાહિબા, એમને પૂછો, ઘરખર્ચ કાઢવા માટે હું બે જગાએ કામ કરું છું કે નહીં ?'

'જિંદગીના બોજથી હું થાક્યો હતો. મારે સહારાની જરૂર હતી. પલ્લવીની હમદર્દી મને સ્પર્શી. ખરું પૂછાવો તો ઘરનો મોટા ભાગનો ખર્ચ અત્યારે એ જ કાઢે છે. એ કમાય છે, અને હું ખાઉં છું, આ મારી લાચારી મોટી છે ! મનથી હું એને ચાહું છું, પરંતુ એને તો તનનાં તનકારામાં જ રસ છે. એનાં હિતમાં મારે છૂટા થઈ જવું છે.'

'ઠીક, પલ્લવી, તારે કશું કહેવું છે ?'

'હા, એક તો હું કમઅક્કલ નથી. જે વાત અહીં કરવામાં આવી તેની ચર્ચા અમારે ક્યારેય થઈ નથી. હું એમની પત્ની છું, પેટછૂટી વાત એમણે મને કરવી જોઈતી હતી. ભોગના જોગનો મારો ખ્યાલ કદાચ બરાબર નથી. હું એમને પસંદ નથી કરતી, એવું થોડું છે ? કેન્સર મટી શકે, તો બીજી સમસ્યાના નિરાકરણ માટે પણ પ્રયત્ન કેમ ના થઈ શકે ?'

મને સ્થિતિ-પરિસ્થિતિનો તાગ આવી ગયો. મેં વાદી-પ્રતિવાદી તરફ જોયું.

'પલ્લવી, કમલકાન્તજી, મારે તમોને એક સવાલ પૂછવો છે, સામા માટે તમે શું કરી શકો ?'

'નામદાર, હું ગુસ્સે થઈ જાઉં છું તે બરાબર નથી. પલ્લવી જો આ માટે કારણ જ ન આપે તો મારો પારો કદાચ ના ચઢે. ખર્ચો છે, માટે બિલો છે, મારે કમાવું જોઈએ. દૈહિક સબંધની ગંભીરતા પણ મારે સમજવી જોઈએ.' કમલકાન્તના સ્વરમાં શરમિંદગી હતી.

'એમના અહમ્‌ને છેદવાનું મારું તાન જરાય ઉચિત ન હતું. સામું બોલવાનું કે તોડી પાડવાનું પણ ખોટું જ હતું. હું નાદાન છું, તો એમણે મને સમજાવવી જોઈતી હતી. દૈહિક સમસ્યાની અવહેલનામાં મને મારા સ્ત્રીયત્ત્વનું અપમાન લાગ્યું હતું.' પલ્લવીની નજર ભોં તરફ હતી.

'જૂઓ, તમને બેયને જાણ તો છે કે શું બરાબર નથી. વચનો તફાવત છે, પરંતુ એનું નિરાકરણ ગોતી શકાય. શંકા, કુશંકા, મમત, દલીલ, આક્ષેપ, સુભગ સંસારની આડખીલીઓ છે, આ તો ખુદે જ દૂર કરવી પડે. સંસાર તમારો છે, એને દૂરસ્ત પણ તમારે જ રાખવો પડે. મનમેળ આવશ્યક છે, પૂરક બનો તો આ શક્ય છે. આટલું તમે કરી શકો ?'

પલ્લવી અને કમલકાન્તે એકબીજા સામે જોયું. ખુદનો કઠેરો છોડી બન્ને પાસે આવ્યાં.

'હા.' બન્નેનો એકસૂર હતો.

'સરસ, સુંદર, ગયું તે ભૂલવું, આજ સુધારી લો, કાલ બહેતર જ રહેશે. કોર્ટની તમારે જરૂર નથી. છૂટાછેડાનો તમારો કેસ હું રદબાદલ કરું છું. ગુડલક'.

⌘ ⌘ ⌘ ⌘

## વાઘ કે નેતા ?

ચીનના કન્ફ્યૂશિયસ મહાન ચિંતક હતા. એકવાર તેઓ પસાર થઈ રહ્યા હતા ત્યાં ટેકરી પાસેના કબ્રસ્તાનમાં એક સ્ત્રી ધ્રૂસકે ધ્રૂસકે રડી રહી હતી. કન્ફ્યૂશિયસે શિષ્યને કહ્યું, 'બહેન પાસે જા અને એના રડવાનું કારણ જાણી લાવ.'

શિષ્યે સ્ત્રી પાસે જઈને નરમ અવાજે પૂછ્યું, 'બહેન, તમે આટલું કરુણ કલ્પાંત કેમ કરી રહ્યાં છો ?' સ્ત્રીએ કહ્યું, 'ભાઈ, આ વગડામાં વાઘની ભારે રાડ છે. થોડાક દિવસ અગાઉ જ મારા સસરાને વાઘે ફાડી ખાધા. પછી મારા પતિને પણ મારી નાખ્યા. હવે મારી દીકરીનો પણ એ જ વાઘ કોળિયો કરી ગયો છે.'

આ વાતથી કન્ફ્યૂશિયસને નવાઈ લાગી. એ સ્ત્રી પાસે ગયા અને આશ્વાસન આપ્યું. પછી એમણે કહ્યું, 'બહેન, આ પ્રદેશમાં તમને આટલું બધું દુઃખ છે છતાં તમે અહીં શા માટે રહો છો ? ક્યાંક બીજી સલામત જગ્યાએ રહેવા કેમ જતા નથી ?' આ સાંભળીને પેલી સ્ત્રીએ કહ્યું, 'ગુરુ, તમારી વાત તો સાચી છે. પણ અહીંનો રાજા જુલ્મી નથી. અહીંના રાજકર્મચારી લાંચિયા નથી. અહીંના વેપારી એકના ડબલ કરતા નથી. અહીંના અમલદાર પ્રજાના કલ્યાણની ખબર રાખે છે. પછી અમને બીજે જવાનું મન કેમ થાય ?'

કન્ફ્યૂશિયસે પોતાના શિષ્યોને કહ્યું, 'શિષ્યો ! આ વાત સમજવા જેવી છે. માણસો જુલમી રાજકારણીયોને વાઘ કરતાં વધુ ખતરનાક ગણે છે. લાંચિયા કર્મચારીઓ અને નફાખોર વેપારીઓ કરતાં વાઘનો પાડોશ સહન કરી લે છે.'

⌘ ⌘ ⌘ ⌘

## બોજો

**પ્રવીણ વાઘાણી**

પ્રતિક જાડેજા 'હાઈ પોઈન્ટ' શોપીંગ સેન્ટરમાં 'પ્રાઉડઝ' જ્વેલર્સની વીન્ડો પાસે ઊભા રહીને ક્યાંય સુધી પેલી ડાયમન્ડ રીંગને જોતો રહ્યો. ગયા શનીવારે એણે આ હીરાની વીંટી હાથમાં લઈને જોઈ હતી. હીરાની ગરમી જાણે તેના મગજમાં જુસ્સો લાવી રહી હતી અને અઢી હજાર ડોલરની વીંટી એને તે જ સમયે ખરીદી લેવાનું મન થયું હતું. ઈટલીમાં બનેલી આ વીંટીમાં સાત હીરા 'વ્હાઈટ ગોલ્ડ'માં જડેલા હતા. દરેક હીરામાંથી મેઘધનૂષના કીરણો ઝગારા મારતા હતા. તેને થયું કે ધારા જેવી તેજસ્વી યુવતિ સામે લગ્નનો પ્રસ્તાવ મૂકવા માટે આવી જ કોઈ વિશિષ્ટ પ્રકારની વીંટી હોવી જોઈએ.

તે દુકાનમાં દાખલ થયો. તેને જોઈને સેલ્સ ગર્લ બેવરલી આનંદથી હસિ ઊઠી અને તેને આવકાર આપ્યો. અનુભવે તે જાણતી હતી કે એકવાર કોઈ વસ્તુ જોઈને ચાલ્યા ગયા બાદ ફરી જે ઘરાક આવે તે ખરીદવાનો નિર્ણય કરીને જ આવે. પ્રતિકે જરા પણ વિલમ્બ કર્યા વગર ક્રેડીક કાર્ડથી અઢી હજાર ડોલર આપીને વીંટી ખરીદી લીધી. બેવરલીએ વીંટી મખમલની લાલ રંગની ડબીમાં મૂકીને તેને આપી. હસિને એ બોલી, 'ગુડ લક મી. જાડેજા.' એ જાણતી હતી કે કોઈ યુવાન આવી મોંઘી હીરાની વીંટી શા માટે ખરીદતો હોય.

તે શનીવારે પ્રતીકે રીઆલ્ટોના રીવોલ્વીંગ રેસ્ટોરન્ટમાં ધારાને ડીનર માટે બોલાવી. જો કે આ મોંઘાદાટ રેસ્ટોરન્ટમાં મબલખ ડોલર ખર્ચીને પણ કોઈ ભારતીય શાકાહારીને પેટ ભરીને ઓડકાર આવે એવું ભોજન તો ન જ મળે. સ્ટરફ્રાય બાફેલાં શાક, સેલાડ અને ફ્રેંચ ફ્રાયઝથી ચલાવી લેવાનું. પણ જો પ્રેમથી યુવાન દિલ થનગનતું હોય તો આથી વધારે રોમાન્ટિક જગ્યા મેલબર્નમાં જડવી મૂશ્કેલ છે. અને એ સમયે ખાવાનું બહુ ગૌણ બની જાય છે. જમીનથી લગભગ ૨૦૦ મીટરની ઊંચાઈએ આવેલ અને ધીરે ધીરે ફરતાં એક કલાકે એક વર્તુળ પૂરું કરતા આ રેસ્ટોરન્ટની બારીમાંથી મેલબર્નના દૂર દૂર સુધીના બદલાતા દશ્યો જોવાનો રોમાંચ અવર્ણનિય છે.

પ્રતિકે હળવેથી વીંટીની ડબી ખોલી. રેસ્ટોરન્ટની ડાઉન લાઈટમાં વીંટી પરના હીરા ઝળકી ઉઠ્યા. ધારાની આંખો સાનંદાશ્ચર્યથી પહોળી થઈ ગઈ. વીંટી ધારાની સામે ધરીને પ્રતિક બોલ્યો, 'ધારા, હું તને પ્રેમ કરું છું. તું મારી સાથે લગ્ન કરીશ ?'

ધારા દિવાસ્વપ્નમાં ખોવાયેલી રહી. તેની આંખો વીંટી પર સ્થિરતાથી ચોંટેલી રહી. પ્રતિક શું બોલ્યો એ જાણે તેણે સાંભળ્યું જ ન હોય. પ્રતિકે ધારાના બંને હાથ પકડીને તેને જગાડી અને તેનો પ્રસ્તાવ દોહરાવ્યો. ધારાનું દિલ આનંદથી ધડકવા લાગ્યું અને જવાબ આપવાને બદલે આગળ નમી તેણે પ્રતિકને એક દીર્ઘ ચુંબન આપ્યું. વગર બોલ્યે જાણે કે તેણે પ્રતિકનો પ્રસ્તાવ સ્વીકારી લીધો.

ઘણા દિવસો ગયા પણ લગ્નની તારીખ નક્કી કરવામાં વિલંબ થતો હોય તેમ લાગ્યું. ધારાએ તો ધારેલું કે પ્રતિક લગ્ન માટે ઘણી ઉતાવળ કરશે પણ એ તો એ વાત ઉચ્ચારતો પણ નહોતો. એકવાર યારા નદીને કાંઠે બેસી બંને નદીમાં વોટર સ્કીઈંગ જોતા બેઠા હતા ત્યારે ધારાએ પ્રતિકનો હાથ પોતાના હાથમાં લઈ પ્રેમથી પૂછ્યું, 'પ્રતિક, આપણે લગ્નની તારીખ ક્યારે નક્કી કરીશું ?'

'બસ, હવે થોડા જ દિવસોમાં બા-બાપુજી આવી જવાના છે. પછી તેમની સાથે ચર્ચા કરીને લગ્નની તારીખ નક્કી કરી લઈશું.'

'તારા બા-બાપુજી અહીં કેટલો સમય રોકવાના છે ?'

'એમને બંનેને અહીં કાયમી રહેવાના વિસા માટે અરજી કરેલી છે. બધી પ્રાથમિક વિધિ પતી ગઈ છે. મેડિકલમાં પણ તેઓ પાસ થઈ ગયા છે. હવે થોડા દિવસોમાં જ એમના ઓસ્ટ્રેલિયાના વીસા આવી જવા જોઈએ.'

'એટલે એ લોકો કાયમ માટે પછી અહીં જ રહેશે ?'

'મારી ઈચ્છા તો એવી જ છે. પણ એમને અહીંની આબોહવા માફક આવે કે નહીં તે જોવું પડશે. ઉપરાંત ત્યાં સગાવ્હાલાં અને મિત્રોની વચ્ચે પ્રવૃત્તિશીલ વાતાવરણમાં રહેવાને ટેવાયેલા છે. શરૂઆતમાં તેમને એકલવાયું પણ લાગે.'

'અને જો એમને ફાવી જાય તો એ લોકો ક્યાં રહેશે ? એમને માટે અલગ ઘર લેવું પડશે ને ?' ધારાએ હિંમત કરીને એના મનમાં ગુંચવાતો પ્રશ્ન પૂછી જ નાખ્યો.

પ્રતિક ચમક્યો. તેના ચહેરા પર જરા નારાજગી છવાઈ ગઈ. 'કેમ એવું પુછે છે, ધારા ? એમને માટે અલગ ઘર શા માટે લેવું પડે ? એમનો વિચાર કરીને જ મેં ચાર બેડરૂમવાળું મકાન ખરીદ્યું છે. આપણી સાથે રહેવા એ કેટલા બધા ઉત્સુક છે !'

ત્યાર પછી એ બંને વચ્ચે મૌન છવાઈ ગયું. પોતાના ફ્લેટ પર આવી પથારીમાં સૂતાં સૂતાં ધારા વિચારી રહી. અનેક અકલ્પ્યા વિચારો એના મનમાં ઘોળાવા લાગ્યા. અણધાર્યા અનેક સવાલો એની સામે આવીને નાચી રહ્યા. આ દેશમાં જ્યારે લગ્ન કરીને માબાપનું ઘર છોડી અલગ જિંદગી શરૂ કરવાનો શિરસ્તો ચાલે છે ત્યારે આ જુનવાણી માનસવાળો પ્રતિક તેના માબાપને સામે ચાલીને અહીં બોલાવી પોતાના પર સાસુસસરાનો બોજો નાખવા માગે છે. વધુ દુખદ વાત તો એને એ લાગી કે આ માટે પ્રતિકે કદી એની સાથે ચર્ચા કરી નહતી કે એના શું વિચારો છે તે જાણવાની કોશિશ પણ નહોતી કરી. અને પ્રતિક જો આ રીતે જ ધારાને પૂછ્યા વગર એક તરફી નિર્ણયો લેવાનો શિરસ્તો અપનાવશે તો ધારા માટે લગ્નજીવન અસહ્ય બની શકે છે.

હસમુખો, ચબરાક, હોંશિયાર અને યુનિમાં સારા માર્કસથી પાસ થઈ એક મલ્ટીનેશનલ કંપનીમાં મોટા પગારની નોકરી મેળવનાર પ્રતિકનું જુનવાણી માનસ આજે પહેલી જ વાર ધારાને દેખાયું અને એને એ બહુ બીહામણું લાગ્યું. ધારાના પોતાના કુટુંબે તો ત્રણ પેઢીથી ભારત છોડયું છે. ત્યાંના સંયુક્તકુટુંબ અને સાસુવહુના ઝઘડા એણે વાર્તાઓમાં જ વાંચ્યા છે. એ બધું આ એક જ સંબંધથી તેને ભરડો લઈ લેશે તેની કલ્પનાથી જ તે ધ્રુજી ઊઠી. તેનાથી એ વાતાવરણમાં કેમ જીવાશે ? પ્રતિક સાથે પ્રેમભર્યા લગ્નજીવનના તેણે કેવા કેવા સ્વપ્ના સેવ્યાં હતાં. એ બધું પત્તાના મહેલની જેમ કડડભૂસ થઈ જમીનદોસ્ત થતું લાગ્યું.

ધારા પણ ઘણી હોંશિયાર યુવતિ હતી. એકાઉન્ટન્સીમાં 'એમ. કોમ' કર્યા બાદ એને 'પીટર, માર્ક એન્ડ પાર્ટનર્સ' નામની મોટી ફર્મમાં સારા પગારની નોકરી મળી હતી. એને પોતાની કેરિયર આગળ ધપાવવાની ઘણી મહત્ત્વાકાંક્ષા હતી. પ્રતિકના માબાપની સેવા કરવામાં એની નોકરી અંતરાયરૂપ લાગે અને પ્રતિકના દબાણથી એણે નોકરી છોડીને એક ઘરરખ્ખુ ગૃહિણી બની જવું પડે તો ? આ અને આવી અનેક એના જીવનને બંધિયાર બનાવી નાખે એવી પરિસ્થિતિ ઉદ્દભવવાની શક્યતાઓ એના મનને ગુંગળાવી રહી. એ રડી પડી.

જમ્યા વગર જ એ પથારીમાં આળોટતી સૂઈ ગઈ. સવારે જાગી ત્યારે એનું આખું શરીર દુઃખતું હતું. આંખો બળતી હતી. માથું ભારે થઈ ગયું હતું. સ્નાન કરી સ્વસ્થ થયા બાદ એ વિચારતી સોફા પર લાંબા સમય સુધી બેઠી રહી.

ઘણા વિચારને અંતે એ કોઈ મક્કમ નિર્ણય પર આવી. પ્રતિકે પહેરાવેલી હીરાની વીંટી એણે આંગળી પરથી ઉતારી અને લાલ ડબીમાં સરખી રીતે ગોઠવી દીધી.

એને લાગ્યું જાણે એના પરથી બહુ મોટો બોજો હટી ગયો.

એ હળવી ફૂલ થઈ ગઈ.

⌘ ⌘ ⌘ ⌘

## એક પ્રેરણાત્મક જીવન

અનુસંધાન પાના ૩ થી ચાલુ

લોકોને હવે હકીકત સમજાવા લાગી. એમણે ડો. આલબર્ટને ઝૂંપડીને સ્થાને લાકડાની કેબિન બાંધી આપી. આફ્રિકાની આદિજાતિના વફાદાર સેવકો તેમની ટીમમાં જોડાયા.

એ પછી તો ડોક્ટરે ઓપરેશન પણ કરવાનાં શરૂ કર્યાં. દરદીઓને રાખવાની વ્યવસ્થા કરી. બીમાર લોકોને જમવા માટે રસોડા બનાવ્યાં. લોકોની અંધશ્રદ્ધા દૂર થવા લાગી. ભૂવાઓ એમના મિત્રો ને પ્રચારકો બની ગયા. ૯૦ વર્ષની ઉંમર સુધી ડોક્ટર કામ કરતા રહ્યા. એમને વિશ્વના ચાર શ્રેષ્ઠ એવોર્ડ મળ્યા.

મને પ્રોત્સાહન મળતું નથી. મને કોઈ મદદ કરતું નથી. મને નસીબ સાથ નથી આપતું કે પરિસ્થિતિ જ ખરાબ છે એવું કહી હાથ જોડી બેસી રહેનારા લોકો માટે ડો. આલ્બર્ટ સ્વાઈત્ઝરની આ જીવનકથામાંથી એક સુવર્ણ જીવનમંત્ર મળે છે. ધારો તો સઘળી વિપરીત પરિસ્થિતિમાં પણ ધાર્યું કામ થઈ શકે છે. **'ઈશ્વર તેને મદદ કરે છે જે પોતાને મદદ કે છે.'**

⌘ ⌘ ⌘ ⌘

## આપણાં શાકભાજી

(દરેક અંકમાં આપણાં શાકભાજી વિષે ઉપયોગી અને રસપ્રદ માહિતી અહીં પ્રગટ કરવાનો વિચાર છે. કોઈપણ વાચકમિત્ર પાસે એવી માહિતી હોય તો મોકલવાનું આમંત્રણ છે. યોગ્ય લાગશે તે અહીં, તેમના નામ સાથે, પ્રગટ કરવામાં આવશે, 'રીડર્સ ડાઈજેસ્ટ'ની જેમ કોઈ પુરસ્કાર તો આપવામાં નહિ આવે પણ એ રીતે આ સામયિક દ્વારા થતી ગુજરાતી ભાષા અને સમાજની સેવા કરવામાં સહકાર આપવાનો લ્હાવો અચૂક મળશે. - માનદ્ તંત્રી)

### ગાજર

ગાજર એક અગત્યનું કંદમૂળ શાક છે. તેની લગભગ વીસ થી પચીસ જાત થાય છે. તે કેસરી, લાલ, જાંબુડી, પીળા અને સફેદ રંગના પણ હોઈ શકે છે. કાળા રંગના ગાજર પણ થાય છે ! ગુજરાતમાં જાંબુડી અને લાલ રંગના ગાજર પ્રચલિત છે. ઓસ્ટ્રેલિયામાં કેસરી રંગના મોટા તેમજ બેબી સાઈઝના ગાજર મળે છે. ગાજર સમશિતોષ્ણ હવામાનમાં સારી રીતે ઊગે છે. એટલે આમ તો તે બારે માસ ઊગાડી શકાય છે. પણ ૧૦ ડીગ્રીથી ઓછા તાપમાનવાળા વાતાવરણમાં તે બહુ ફાલતા નથી. બારે માસ ગ્લાસ હાઉસમાં ઉગાડવા માટે તે આદર્શ કંદમૂળ છે.

પોષણ તત્વો માટે કંદમૂળમાં ગાજર પ્રથમ નંબરે આવે છે. તેમાં ડાયેટરી ફાઈબર એટલા બધા પ્રમાણમાં છે કે તેને આહારમાં નિયમિત લેવાથી જઠરની તંદુરસ્તી બહુ સારી રહે છે અને કદી કબજિયાત થતી નથી. તાજા ગાજર કાચા જ ખાઈ શકાય છે અને કાચા જ ખાવાથી તેનો સૌથી વધુ ફાયદો મળે છે. તેમાં સાકર મોટા પ્રમાણમાં છે એટલે ખાવામાં મીઠા લાગે છે. ગાજરના ટૂકડા ન ચાવી શકાય તેમ હોય તો તેને અર્ધી મિનિટ માઈક્રોવેવ ઓવનમાં ગરમ કરીને અથવા વરાળે બાફીને કુણા પાડી શકાય. પણ તેને પાણીમાં કદિ બાફવા ન જોઈએ કારણ તેમ કરવાથી ઘણા તત્વો અને સાકર પાણીમાં જાય છે.



ગાજરમાં સાકર મોટા પ્રમાણમાં હોવાથી કાચા ગાજરનો રસ ઘણો મીઠો લાગે છે અને તે પીવાથી પણ એટલોજ ફાયદો થાય છે. જો કે તેના કુચામાં થોડા ફાઈબર ગુમાવવા પડે. પણ તે કુચાનો સુપ બનાવવામાં ઉપયોગ થઈ શકે. ગાજર સેલાડમાં અને સેન્ડવીચમાં મૂકવા માટે આદર્શ છે. અનેક પ્રકારની વાનગીઓમાં ગાજર વાપરવામાં આવે છે.

ગાજરમાં 'બિટા-કેરેટિન' નામનું તત્વ છે જે શરીરમાં વીટાબીન 'એ' બનાવે છે જે આંખની તંદુરસ્તી માટે સર્વોત્તમ ગણાય છે. તેનાથી 'રતાંધળાપણું' અટકાવી શકાય છે. બીજા વિશ્વયુદ્ધ દરમિયાન બ્રિટને 'રડાર'ની શોધ કરેલી જેની મદદથી તેમના એરફોર્સના પાયલોટ રાત્રે જર્મન બોમ્બરોને શોધી કાઢીને તેમનો નાશ કરતા. પણ 'રડાર'ની વાત છૂપી રાખવા માટે તેમણે એ ગપગોળો વહેતો મૂકેલો કે તેમના પાયલોટને ગાજર પુષ્કળ ખવરાવવામાં આવે છે જેથી તેઓની આંખો એટલી તેજ બને છે કે તેઓ રાત્રીના અંધકારમાં પણ જોઈ શકે છે !

ઉપરાંત તેમાં વીટામીન 'કે' અને 'સી' પણ છે. ગાજરમાં 'એન્ટીઓક્ષીડન્ટ' પણ મોટા પ્રમાણમાં છે. પ્રોટીન અને ડાયેટરી ફાઈબર ઉપરાંત કેલ્સિયમ, ફોસ્ફરસ, લોહ, મેગ્નેસિયમ, પોટાસિયમ, સોડિયમ, ઝિન્ક, કોપર, મેન્ગેનીઝ, સેલેનિયમ, વગેરે અગત્યના ક્ષારો છે. તેમાં નહિવત પ્રમાણમાં ફેટી એસિડ છે પણ કોલેસ્ટોરલ જરા પણ નથી.

જેમનું હૃદય નબળું હોય તેમને ગાજર ખોરાકમાં નિયમિત લેવાથી શ્વાસ ઓછો ચડે છે. ગાજરમાં સાકર છે તે 'સુપાચ્ય' છે એટલે મધુપ્રમેહવાળાને તેની ચિંતા કરવાની જરૂર નથી. એક અમેરિકન યુનિવર્સિટિના સંશોધન પ્રમાણે જાંબલી રંગના ગાજરમાં કેન્સર પ્રતિરોધક શક્તિ છે.

ગાજરના પાંદડા અને ફૂલમાં પણ ગુણકારી તત્વો ભારોભાર ભરેલા છે પણ તે સ્વાદમાં કડવા અને કડછા હોય છે અને પચવામાં ભારે હોવાથી માણસના ખોરાકમાં લેવામાં આવતા નથી. પણ તે ઘોડાના ખોરાક તરીકે વપરાય છે.

ગાજર મૂળ અફઘાનિસ્તાનમાં ઉત્પન્ન થયું હોય તેમ લાગે છે ઈસ્વીસન પૂર્વે ત્યાં ખોરાકમાં લેવાતું. જોકે રોમન અને ગ્રીક લોકોના ખોરાકમાં પણ તે હતું. એ લોકોની એવી માન્યતા હતી કે ગાજર ખાવાથી પુરુષનું પૌરુષત્વ વધે છે અને ગાજર ખાવાથી સ્ત્રીઓ પણ સહેલાઈથી પુરુષનો સહચાર માગે છે.

તેરમી સદીમાં તે ભારત અને ચીનમાં પહોંચ્યું અને ત્યાંથી પછી યુરોપ અને ઈન્ગ્લેન્ડમાં પહોંચ્યું. ઓગણીસમી સદીની શરૂઆતમાં તે ઓસ્ટ્રેલિયામાં લાવવામાં આવ્યું ત્યારે તે સમયે ઘેટાં અને ઘઉંના ઉત્પાદનમાં વ્યસ્ત ખેડૂતોએ તેના તરફ બહુ ધ્યાન ન આપ્યું એટલે તે જંગલોમાં અડબાઉ વનસ્પતિ તરીકે ઉગવા લાગ્યું. નેધરલેન્ડસમાં તેના પર સંશોધન કરીને હાલનું કેસરી રંગનું હાઈબ્રીડ ગાજર તૈયાર કર્યું પછી તે ઓસ્ટ્રેલિયામાં પણ પ્રચલિત થયું. કેલિફોર્નીઆનું 'હોટવીલ' શહેર વિશ્વમાં 'કેરટ કેપિટલ' કહેવાય છે અને ત્યાં દર વર્ષે ગાજરનો ઉત્સવ ઉજવાય છે.

નોંધઃ સ્વાદ અને શોખ ખાતર અહીં ગાજર વિષે માહિતી આપી છે. માહિતીની સત્યતા વિષે કોઈ બાંહેધરી આપવામાં આવતી નથી. આહારમાં ફેરફાર કરતાં પહેલાં કે રોગનિવારણ માટે તેનો ઉપયોગ કરતાં પહેલાં તેના નિષ્ણાતની સલાહ લેવી આવશ્યક છે.



## मेघदूतम् (संपादकः डो.गौतम पटेल)

अक्षर्यान्तर्भवनिधयः प्रत्यहं रक्तकण्ठै
रुग्दायद्भिर्धनपतियशः किन्नरैर्यत्र सार्धम् ।
वेभ्राजाख्यम् विबुधवनितावारमुष्यासहाया
बद्धालापा बहिरुपवनं कामिनो निर्विशन्ति ॥७७॥
वासष्चित्रं मधु नयनोयोर्विभ्रमादेशदक्षं
पुष्पोद्भेदं सह किसलयेभूरषणानां विकल्पान् ।
लाक्षारागं चरणकमलन्याक्षयोग्यं च यस्यामेकः
सूते सकलमवलामण्डनं कल्पवृक्षः ॥७८॥ जून०९

## મેઘદૂત (સંપાદકઃડો.ગૌતમ પટેલ, ભાવનગર)

હર્મ્યે કોષો ક્ષયરહિત ને રોજ મીઠા સ્વરોથી
ઊંચે ગાતા યશ ધનદનો કિન્નરો સાથ જેહ,
વૈભ્રજાખ્યે ઉપવન વિશે મગ્ન સંભાષણોમાં
જ્યાં કામીો ામરગણિાકાસંગ આનંદ માણે. (૭૭)
નયનને વિભ્રમો, ચિત્ર વસ્ત્રો,
ખીલયાં પુષ્પો કિસલય ધરી, ભૂષણોના વિકલ્પો
ને લાક્ષાનો ચરણકમલે મૂકવા યોગ્ય રંગ
સર્જે છે જ્યાં સકલ રમણીમંડનો કલ્પવૃક્ષ. (૭૮) જૂન ૦૯

(ક્રમશઃ દરેક અંકમાં બે પદ્ય મૂકાશે)

## Meghadoota of Kalidas (Editor: Dr.Gautam Patel)

Where lovers with their limmitless wealth in their abode accompanied by celestial domsels as cortesans, holding conversations, enjoy themselves everyday in the outer garden called Vaibhraja , where Kinnaras, with golden voice, sing the glory of Kubera, the master of wealth.(77)
Where the desire-fulfilling tree alone is producing every paraphernalia for the fair sex, like multicoloured garments, a kind of wine that refines the movements of the eyes, a blooming of flowers with sprouts, a variety of ornaments and a dye worthy to adorn the lotus like feet of women.(78)

(To be continued: Two verses will be published in every issue.)